૨

**<u>રજીસ્ટર પોસ્ટ એ.ડી.</u>**

**વિષય :– મોજે : બોરસદ તા. બોરસદના સર્વે નં. – ૧૭૭૯ હે. ૦–૪૪–૫૨ જમીનની બીન ખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૬ હેઠળની પરવાનગી આપવા બાબત.**

નં. જમન–૪/એન.એ./ એસ.આર./૧૩/૦૫–૦૬
જિલ્લા કલેકટરની કચેરી,
આણંદ. તા. ૨૬/૧/૨૦૦૭

**વંચાણમાં લીધા :–**

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં. બખપ–૧૦૮૧/૬૧૨/ક તા. ૨૫/૩/૮૧ તથા ઠરાવ નં. બખપ–૧૦૨૦૦૧/૨૬૮૫/ક તા. ૧૬/૦૨/૦૪
(૨) અરજદાર શ્રી રજનીકાન્ત આશાભાઈ પટેલ વિગેરેની તા. ૧૯/૪/૨૦૦૬ તથા તા. ૧૫/૧/૨૦૦૭ ની પુર્તતા અરજી.
(૩) મામલતદારશ્રી, બોરસદના પત્ર નં. જમન/ એન.એ./વશી–૨૨૫૦/૦૬ તા. ૩/૬/૨૦૦૬થી પુરા થતા કાગળો.
(૪) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના(શેઢી) એકમ –૯, નડીયાદના પત્ર નં. એલએકયુ/બીનખેતી/એસઆર/નં.૩૫૦/૦૬ તા. ૨/૫/૨૦૦૬
(૫) કાર્ય પાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, આણંદના જા. નં. સીબી / ૨૪૬૦ / ૨૦૦૬ તા. ૯/૫/૨૦૦૬ પત્ર નં. સીબી/૨૦૬૨/૨૦૦૬ તા. ૨૨/૬/૨૦૦૬ તથા જા. નં. સીબી/૩૪૭૧/૦૬ તા. ૧૦/૭/૨૦૦૬.
(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદના પત્ર નં. ડીબી/એનએ/૧૯/વશી/૧૭૧૧/૨૦૦૬ તા. ૫/૫/૨૦૦૬ તથા પત્ર નં. ડીબી/ એનએ / (૧)/૨૫૪૦/ ૨૦૦૬ તા. ૩૦/૬/૨૦૦૬
(૭) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આણંદ જિલ્લા પંચાયત, આણંદના જા.નં. આરોગ્ય/ સેની/સાઈડ/વશી/૧૨૦/૦૬ તા. ૧૫/૫/૨૦૦૬
(૮) ચેરમેનશ્રી, બોરસદ વિકાસ વિસ્તાર સત્તા મંડળ, બોરસદના હુકમ નં. ૨ તા. ૮/૫/૨૦૦૬ તથા જા. નં. ૨૪૮ તા. ૧૫/૫/૨૦૦૬.
(૯) ચીફ ઓફીસરશ્રી,બોરસદ નગરપાલીકા, બોરસદના જા.નં. ૫૬૯/૨૦૦૬–૦૭ તા. ૪/૭/૨૦૦૬
(૧૦) નગર નિયોજકશ્રી, નડીયાદના જા.નં. બીપી/બોરસદ/૮૫૧ તા. ૧૮/૪/૨૦૦૬
(૧૧) નાયબ કલેકટરશ્રી, જ.સુ. અને અપીલ, આણંદના હુકમ નં. ગણોત/૧/ગ.ધા.ક.૪૩/ એસ.આર./૪૭/૦૬/વશી/૩૦૨ થી ૩૦૫ તા. ૧૬/૧/૨૦૦૭.
(૧૨) વાંધેદાર (૧) શ્રી નીતીનભાઈ ઈશ્વરભાઈ પટેલ, (૨) શ્રી હર્ષદભાઈ ઈશ્વરભાઈ પટેલ, (૩) શ્રી દીપકભાઈ મણીભાઈ પટેલ તમામ રહેવાસી બોરસદનાઓએ નોટરી સમક્ષ તા. ૮/૯/૨૦૦૬ ના રોજ કરેલ સોગંદનામા.
(૧૩) સંયુકત રજીસ્ટ્રાર અને બોર્ડ ઓફ નોમીનીઝ સહકારી મંડળીઓ, આણંદના જા. નં. લવાદ/૦૧/રૂબરૂ/૨૦૦૬ તા. ૧૭/૮/૨૦૦૬ નો મનાઈ હુકમની નોંધ રદ કરવા બાબતનો હુકમ.
(૧૪) શ્રી રજનીકાન્ત આશાભાઈ પટેલ વિગેરેની તા. ૧૫/૧/૨૦૦૭ ની અરજી.
(૧૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદના પત્ર નં. તજર/આણંદ/બુક/ વેરીફાઈડ / વશી /૩૨૮/૦૭ તા. ૨૨/૧/૨૦૦૭

**હુકમ :–**

મોજે : બોરસદ તા. બોરસદના સર્વે નં. ૧૭૭૯ હે. ૦–૪૪–૫૨ પ્ર.આરે. આકાર રૂા. ૭–૫૬ પૈસા વાળી જમીન શ્રી રજનીકાન્ત આશાભાઈ પટેલ તથા કિરીટભાઈ

શંકરભાઈ પટેલ તથા રાજેશભાઈ શંકરભાઈ પટેલના નામે નામે ચાલે છે. જે જમીનના બીનખેતીના કામે નગર નિયોજકશ્રી,નડીયાદના તા. ૧૮/૪/૨૦૦૬ના આમુખ – (૧૧) માં દર્શાવેલ પત્રથી રહેણાંક ઝોનમાં જમીન આવેલ હોઈ રહેણાંકના હેતુ માટેના પ્લાન મંજુર કરાવી મંજુર કરેલ પ્લાન મુજબ ૧૪૯૬–૦૪ ચો.મી. જમીનમાં રહેણાંકના મકાનો હેતુ માટે બાંધકામ કરી ૨૯૫૫–૯૬ ચો.મી. જમીન આકાશ સુધી ખુલ્લી રાખી કુલે ૪૪૫૨–૦૦ ચો.મી. જમીનમાં બીનખેતીનો ઉપયોગ કરવા અરજદારશ્રીએ આમુખ – (૨) થી અરજી કરેલ છે.

સદર કામે મામલતદારશ્રી, બોરસદ મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે મામલતદારશ્રી, બોરસદએ નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની ફેરફાર નોંધોની ટૂંકી વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે તથા સવાલવાળી જમીન સ્થળે જમીન ખુલ્લી હોઈ તથા જમીનથી નજીક વિદ્યુત લાઈન, ટેલીફોન લાઈન, ઓઈલ કે ગેસ પાઈપ લાઈન , કેનાલ કે કાંસ પસાર થતા નથી. જેથી રહેણાંકના મકાનો બનાવવાના હેતુ માટે બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ – (૩) ના પત્રથી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના (શેઢી) એકમ – ૯ નડીયાદએ આમુખ – (૪) થી સવાલવાળી જમીન સંપાદન કરવા બાબતની દરખાસ્ત હાલના તબકકે તેઓની કચેરીમાં ચાલતી ન હોઈ, ખેતી સિવાયની પરવાનગી આપવા હકારાત્મક આવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, આણંદએ આમુખ – (૫) ના પત્રોથી સવાલવાળી જમીન માટે રસ્તાથી મધ્ય બિંદુથી ૨૪.૫૦ મીટર દુર અંતરે રહેણાંક / કોઠારોના હેતુસર ૩૦ × ૧૨ મીટર સાઈઝથી બાંધકામ વધે નહીં તેવી શરતે બિનખેતીની મંજુરી આપવામાં આવે તો વાંધા જનક નથી. તેવો અભિપ્રાય આપેલ છે.

કાર્યપાલઈ ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, (કાંસ), આણંદે તેઓના આમુખ – (૬) ના પત્રોથી કાંસની હદ છોડીને બાંધકામ કરવાની તથા ગંદુ પાણી કાંસમાં નહીં છોડવાની શરતે બિનખેતીની પરવાનગી આપવા આ ખાતાનો વાંધો સરખું નથી. તેમ જણાવેલ છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારશ્રી, જિલ્લા પંચાયત, આણંદે આમુખ – (૭)માં જણાવેલ પત્રથી સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગી આપવામાં આવે તો આરોગ્યની દ્રષ્ટિએ વાંધા સરખું નથી. તેઓ અભિપ્રાય આપેલ છે.

બોરસદ વિકાસ વિસ્તાર સત્તા મંડળ, બોરસદના આમુખ – (૮) થી ટાઉન પ્લાનીંગ કમીટીના ચેરમેનશ્રીના હુકમ નં. – ૨ તા. ૮/૫/૨૦૦૬ થી મંજુર કર્યા મુજબ રજૂ કરેલ નકશામાં જણાવ્યા પ્રમાણે રેસીડન્ટ / કોમ્પલેક્ષ બાંધકામ કરવામાં આવે તો નગરપાલિકા ને વાંધા સરખું નથી. તેવો અભિપ્રાય આપેલ છે.

ચીફ ઓફિસરશ્રી, બોરસદ નગરપાલિકા, બોરસદએ આમુખ – (૯) થી સવાલવાળી જમીનમાં બિનખેતીની પરવાનગી આપવા બાબતે "ના વાંધા પ્રમાણપત્ર" આપેલ છે.

નગર નિયોજકશ્રી, નડીયાદે તેઓના આમુખ – (૧૦) ના પત્રથી ૧૪૯૬–૦૪ ચો.મી. જમીનમાં બાંધકામ તથા ૨૯૫૫–૯૬ ચો.મી. જમીન આકાશ સુધી ખુલ્લી રાખી કુલ ૪૪૫૨–૦૦ ચો.મી. માટેના જરૂરી પ્લાન મંજુર કરી આ જમીનનો વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં સમાવેશ થયેલ છે. તેમ અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના આમુખ – (૧૧) ના તા. ૧૬/૧/૨૦૦૭ ના હુકમથી સવાલવાળી જમીન પૈકી હે. ૦–૧૧–૦૦ ચો.મી. જમીન

નવી શરતની હોઈ બીનખેતીના કામે જરૂરી પ્રિમીયમ વસુલ કરી ગ. ધા. કલમ – ૪૩ ની પરવાનગી આપવા માટે જરૂરી મંજુરી આપેલ છે.

આમુખ – (૧૨) થી બીનખેતીના કામે આ જમીનને બીનખેતીની પરવાનગી નહીં આપવા બાબતે ત્રણ વાંધેદારોએ અરજીઓ કરેલ હતી. (૧) શ્રી નીતીનભાઈ ઈશ્વરભાઈ પટેલ (૨) શ્રી હર્ષદભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા (૩) દિપકભાઈ મણીભાઈ પટેલ તમામ રહેવાસી બોરસદનાઓએ અરજીઓ કરેલ હતી. તેના અનુસંધાને આ કામે તા. ૧૨/૯/૦૬ ના રોજ રૂબરૂ સુનાવણી રાખતાં આ તમામ વાંધેદારોએ એ.પી. સોલંકી અને નીતીન આઈ. પટેલ નોટરી સમક્ષ તા. ૮/૯/૨૦૦૬ ના રોજ જરૂરી સોગંદનામા રજીસ્ટ્રેશન નં. ૩૩૦૯/૨૦૦૬ તા. ૮/૯/૨૦૦૬, નં. ૨૬૭૭/૨૦૦૬ તા. ૮/૯/૨૦૦૬ અને નં. ૨૬૭૬/૨૦૦૬ તા. ૮/૯/૨૦૦૬ થી કરી જણાવેલ છે કે આ વાંધા અરજીઓ તેઓએ કરેલ નથી. તેમના નામથી ખોટી સહી કરી અરજીઓ કરેલી છે. તેમ સોગંદનામુ કરી તે સોગંદનામા અત્રે રજુ કરેલ છે.

આમુખ – (૧૩) થી સંયુકત રજીસ્ટ્રાર અને બોર્ડ ઓફ નોમીનીઝ સહકારી મંડળીઓ, આણંદના જા. નં. લવાદ/૦૧/રૂબરૂ/૨૦૦૬ તા. ૧૭/૮/૨૦૦૬ નો કામચલાઉ મનાઈ હુકમથી સવાલવાળી જમીન ઉપરનું લેણું ભરપાઈ થઈ ગયેલ હોઈ કામચલાઉ મનાઈ હુકમની નોંધ રદ કરવા હુકમ કરેલ છે.

આ કામે અરજદારશ્રી રજનીકાન્ત આશાભાઈ પટેલ વિગેરે એ તેઓની આમુખ – (૧૪) ની તા. ૧૫/૧/૨૦૦૭ અરજીથી અત્રે જણાવેલ છે કે સવાલવાળી જમીન અંગે કોઈ કોર્ટ, કચેરીમાં વિવાદ ચાલુ નથી. કે અમોએ કોઈ કચેરી કે કોર્ટમાં વિવાદ કરેલ નથી.અને હાલમાં સવાલવાળી જમીન અંગે કોઈ વિવાદ ચાલુમાં નથી.

સવાલવાળી જમીનના સર્વે નં. – ૧૭૭૯ વાળી જમીન અંગે હકકપત્રકમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.

| ક્રમ | નોંધ નંબર | તારીખ | નોંધની ટુંકી વિગત |
|---|---|---|---|
| ૧ | ૭૬૮૦ | ૧૬/૧૧/૪૧ | વારસાઈની નોંધ છે. |
| ૨ | ૮૪૧૨ | ૧૪/૯/૪૩ | વારસાઈની નોંધ છે. |
| ૩ | ૧૦૨૧૭ | ૧૨/૨/૪૯ | ૧૯૪૬–૪૭ ના ગણોતીયાની નોંધ |
| ૪ | ૧૦૫૮૦ | ૨૦/૪/૫૩ | ફારગતી લેખની નોંધ છે. |
| ૫ | ૧૧૦૨૮ | ૧/૧૧/૫૫ | જાત ઈનામ નાબુદ થયાની નોંધ |
| ૬ | ૧૨૬૪૭ | ૨૧/૮/૫૭ | ટુકડા ધારા અંગેની નોંધ |
| ૭ | ૧૨૯૪૧ | ૨૬/૯/૫૯ | વેચાણ દસ્તાવેજની નોંધ |
| ૮ | ૧૬૫૧૧ | ૨૧/૨/૬૭ | ગણોતીયા સોમા રઈજીનું કમી ગ. કેસ નં. ૮૬/૭૦ તા. ૨૨/૨/૬૫ ના હુકમની નોંધ |
| ૯ | ૧૬૫૧૨ | ૨૧/૨/૬૭ | ગ. કેસ નં. ૨૨/૬૪ તા. ૧૦/૧૧/૬૪ ગ.ધા.ક. ૩૨ – ટી મુજબ એ.૦–૨૨ પૈકી ૦–૧૧ ગુંઠા જમીન જ.મા. ને સોપ્યાની નોંધ |
| ૧૦ | ૧૬૯૦૪ | ૧૧/૩/૬૭ | ગ.કેસ નં. ૧૨૫૬ તા. ૨૨/૧૨/૬૫ બીન અમલી હુકમની નોંધ |
| ૧૧ | ૧૭૦૬૨ | ૧૬/૧૦/૬૭ | ગ.કેસ નં. ૩૨ પી/૧૨૫૬ તા. ૨૯/૬/૬૭ જ.મા. ને જમીન પરત આપતા હુકમની નોંધ (૦–૧૧ ગુંઠા) |
| ૧૨ | ૨૩૭૦૯ | ૧૩/૧/૭૭ | વેચાણ દસ્તાવેજની નોંધ રાખનાર પટેલ બાવાજીભાઈ શંકરભાઈની નોંધ |
| ૧૩ | ૨૭૨૧૦ | ૧૫/૬/૮૫ | વારસાઈની નોંધ |
| ૧૪ | ૩૧૯૭૩ | ૧૮/૧૨/૯૫ | વારસાઈની નોંધ |
| ૧૫ | ૩૨૨૫૩ | ૩/૭/૯૬ | ગ.ધા. કલમ – ૬૫ ના હુકમની નોંધ |
| ૧૬ | ૩૨૬૭૭ | ૩/૧/૯૭ | મામ.શ્રી બોરસદના રીમાન્ડ તકરારી કેસ નં. ૧૮/૯૫ તા. ૩૧/૧૨/૯૬ હે. ૦–૪૪–૫૨ માટે |

| | | | |
|---|---|---|---|
| | | | વેચાણની નોંધ મુજબ (વે.રા. બાવાજી શંકરના વારસો મનુબાવાજી વિગેરે) |
| ૧૭ | ૩૬૧૦૪ | ૪/૧/૦૨ | વારસાઈની નોંધ |
| ૧૮ | ૩૭૨૩૪ | ૧૧/૮/૦૩ | હકક કમીની નોંધ |
| ૧૯ | ૩૭૪૧૩ | ૧/૧૨/૦૩ | મનાઈ હુકમની નોંધ |
| ૨૦ | ૩૮૯૨૯ | ૨૬/૪/૦૬ | વેચાણની નોંધ |
| ૨૧ | ૩૯૨૮૨ | ૧૯/૮/૦૬ | બોજો ભરપાઈ થતાં મનાઈ હુકમ રદ (કાચી નોંધ) |

ઉપરોકત હકીકત તથા રજૂ થયેલ આધાર પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ – (૧) માં જણાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત આમુખ – (૨) થી (૧૫) ના અભિપ્રાયો ધ્યાને લેતાં અરજદારે બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા સંમતિ જવાબ આપેલ છે. અરજદારશ્રી સવાલવાળી જમીનમાં બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારએ અત્રેની પરવાનગી મળતાં અગાઉ બાંધકામ ચાલુ કરેલ હોઈ લે. રે. કોડની કલમ – ૬૬ હેઠળ પરવાનગી આપવા માટે આકારના ૪૦ દંડની રકમ લઈ બાંધકામ નિયમબધ્ધ કરવા માટે સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવતાં સદરહુ જમીનના રૂપાંતર કરની રકમ રૂા. ૨૬,૭૧૨/–, માપણી ફીની રકમ રૂા. ૪,૮૦૦/– તથા ૪૦ પટ દંડની રકમ રૂા. ૪૪,૫૨૦/– સરકારશ્રીમાં ચલનથી જમા કરાવવા અત્રેના તા. ૧૯/૧/૨૦૦૭ ના પત્રથી જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતર કરની રકમ રૂા. ૨૬,૭૧૨/– (અંકે રૂપિયા છવ્વીસ હજાર સાતસો બાર પુરા) તથા માપણી ફીના રૂા. ૪,૮૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર આઠસો પુરા) તથા ૪૦ પટ દંડની રકમ રૂા. ૪૪,૫૨૦/– (અંકે રૂપિયા ચુંવાલીસ હજાર પાંચસો વીસ પુરા) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આણંદની શાખામાં તા. ૧૯/૧/૨૦૦૭ ના રોજ જમા કરાવી અસલ ચલનો નં. ૩, ૪, ૫ અત્રે રજૂ કરેલ છે.

ઉકત રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે કે કેમ ? તે અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદને તા. ૧૯/૧/૨૦૦૭ના પત્રથી ખાત્રી કરવા જણાવતાં, આમુખ – (૧૫)માં દર્શાવેલ તા. ૨૨/૧/૦૭ના ના પત્રથી જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ તેઓની કચેરીના રેકર્ડથી ખાત્રી કરી સદરહુ રકમ સરકારશ્રીમાં જમાં થયેલાનું જણાવેલ છે.

ઉપર મુજબની હકીકત હોઈ અરજદારને ઉપરોકત જમીનમાં મુંબઈ જમીન મહેસુલ ધારાની કલમ – ૬૬ અન્વયે બીનખેતીના રહેણાંક ઉપયોગ કરવા નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

શ ર તો :–

(૧) જમીનના કબજેદારે દર ચોરસ મીટરે ૦.૨૫ પૈસાના દરે બીન ખેતીનો ધારો રૂા. ૧૧૧૩.૦૦ ન.પૈ. આપવા પડશે.

(૨) બીન ખેતીના ઉપયોગ માટે હુકમ કર્યા તારીખથી છ માસની અંદર બાંધકામ ચાલુ કરવું પડશે. અને ત્રણ વર્ષની અંદર પુરૂ કરવું પડશે. તેમ કરવામાં ચુક થશે તો બીન ખેતીની ઉપજ અને દંડ લેવામાં આવશે તેમજ ઉપરોકત પરવાનગી આપમેળે રદ થયેલી ગણાશે.

(૩) કબજેદાર બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાની એક માસની અંદર મામલતદારશ્રી / સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાના લેખીત જાણ કરવી તેમ કરવામાં ચુક થશે તો વિશેષધારા ઉપર દંડ લેવામાં આવશે તથા બાંધકામ પુરૂ થયે એક માસની અંદર અત્રે તેની જાણ કરવાની રહેશે.

(૪) કબજેદાર બીનખેતી પ્લોટ મેળવવા માપણી ફી ની રકમ ભરી છે. સદર પ્લોટની સર્વે ખાતેથી માપણી થયા મુજબ હુકમમાં તેમજ સનંદમાં જણાવેલ ક્ષેત્રફળ અને વિશેષ ધારો (બદલાશે) સુધારવાને પાત્ર થશે.

(૫) જે તે અધિકારી મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ કરવું પડશે અગાઉથી લેખિત પરવાનગી લીધા સિવાય કોઈપણ વધારાનું તથા નવું બાંધકામ કરી શકાશે નહીં.

(૬) પ્લાનમાં નકકી કર્યા પ્રમાણે જે હેતુ માટે પરવાનગી આપવામા આવી છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાયનો બીજો કોઈપણ લે. રે. કો. ક. ૪૮(૪) મુજબ પ્રતિબંધિત છે, બાંધકામનો ઉપયોગ જો બદલવાનો હશે તો અત્રેથી અગાઉ મંજુરી લેવાની રહેશે.

(૭) એકદમ સળગી જાય તેવા પદાર્થો મકાનમાં બાધકામમાં વાપરવા નહીં.

(૮) કોઈ પણ ખાળ કુવો જો તેને યોગ્ય રીતે ચોખ્ખુ રાખવાની વ્યવસથા ન હોય તો કરવો નહીં.

(૯) પીવાના કુવાથી ૧૦૦ ફુટના અંતરમા ખાળ કુવા કરવો નહીં. અગર ઉપયોગ લેવો નહીં.

(૧૦) મળમુત્ર એકત્રિત કરવા માટે કોઈપણ ખાળકુવો અગર ખાર કોઠી ઉપયોગીમાં લેવી નહીં.

(૧૧) કંમ્પાઉન્ડની દિવાલ કરવાની હોય તો સાડા ત્રણ ફુટ કરતા ઉંચી કરવી નહીં.

(૧૨) આ પરવાનગી ગણોતધારા તેમજ ટોચ મર્યાદા ધારાની જોગવાઈઓને આધિન છે. જે કબજેદાર માલિકને બંધન કરતા રહેશે.

(૧૩) સવાલ વાળી જમીન અંગે ગામે લાગુ પડતા બીનખેતી ધારાની રકમ રૂા. ૧૧૧૩.૦૦, લોકલ ફંડ રૂા. ૫૫૭.૦૦ ન.પૈ. તથા શિક્ષણ ઉપકરની રકમ રૂા. ૨૭૯.૦૦ દર વર્ષે નિયમિત રીતે ભરવાના રહેશે.

(૧૪) બાંધકામ ચાલુ કર્યા પછી બે માસની અંદર કબજેદારે નમુના " એમ " માં હુકમમાં જણાવેલ શરતો તેમાં દાખલ કરવી નહીં તો પરવાનગી રદ થશે.

(૧૫) રીબન ડેવલપમેન્ટ રૂલ્સનો ભંગ થાય તે રીતે બાંધકામ કરી શકાશે નહીં.

(૧૬) ચીફ ઓફીસરશ્રી, બોરસદ નગરપાલિકા, બોરસદ તરફથી બાંધકામ કરવા આપેલઆપેલ 'ના વાંધા પ્રમાણપત્ર' નં. ૨૪૮/૦૬ તા. ૧૫/૫/૨૦૦૬ માં જણાવેલ શરતોનું પાલન કરવું પડશે.

(૧૭) નગર નિયોજકશ્રી નડીઆદના તા. ૧૮/૪/૨૦૦૬ ના પત્ર નંબર બીપી/બોરસદ/ ૮૫૧ માં જણાવેલ શરતોનું પાલન કરવું.

(૧૮) આ જમીનના કબજેદારોને સદરહું બીન ખેતી પરવાનગીથી સને ૧૯૫૪ના મુંબઈ નગર રચના અધિનિયમની કલમ ૧૨–૨૯ મુજબ નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવામાંથી મુકિત મળતી નથી જેથી પરવાનગી મુજબનું ખેતી સિવાયનું બાંધકામ શરૂ કરતા પહેલા નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવું પડશે.

(૧૯) સરકારશ્રી તરફથી નકકી કરેલ (વિશેષધારો) બીનખેતી ધારા ઉપરાંત લોકલફંડ તથા શિક્ષણ ઉપકરની નિયમોનુસાર કબજેદારે ભરવાની રહેશે. તથા વખતો વખત જે કાંઈ ફેરફાર થાય તે બંધન કર્તા રહેશે.

(૨૦) આ સદર જમીનના પ્લોટ વેચાણ રાખનારોઓને ઉકત શરતોની લેખીત જાણ કરવાની રહેશે અને વેચાણ રાખનારઓએ આ શરતોનું પાલન કરવુ પડશે.

(૨૨) આ પરવાનગી વિરૂધ્ધ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવશે અગર કરેલું બાંધકામ જો ઉપયોગ માટે મંજુર કરેલ હશે તેના સિવાય બીજ કોઈપ્રકારના

ઉપયોગમાં લેવામાં આવી હશે. અને તે મુદતમાં દુર કરવા અગર ઉપયોગ બદલવા કલેકટરશ્રી કાયદેસર ફરમાન કરી શકશે અને જો નિયત કરેલ સમયમર્યાદામાં તે ઉપયોગ બંધ થાય નહીં અગર બાંધકામ દુર થાય નહીં તો સરકારી રાહે દુર કરાવા પગલા લેવામાં આવશે અને તે અંગેના તમામ ખર્ચ કબજેદાર પાસેથી જમીનના મહેસુલ ની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર થશે.

(૨૩) વરસાદી પાણીના ભુગર્ભ વહન / સંચય માટે દર મકાન ( નકશા કરવાની સત્તા ધરાવતાં સત્તાવિકારીશ્રીએ આપેલ મંજુરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૪) કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, આણંદના તા. ૧૦/૭/૨૦૦૬ ના પત્રમાં જણાવ્યા મુજબ રસ્તાના મધ્યબિંદુથી ૨૪.૫૦ મીટરના અંતરે રહેણાંક / કોઠારોના હેતુસર ૩૦ × ૧૨ મીટરની સાઈઝથી બાંધકામ વધે નહીં તેવી શરતે મંજુરી આપવામાં આવેલ હોઈ તે શરતોનું અચૂક પણે પાલન કરવાનું રહેશે.

(૨૫) કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ (કાંસ), આણંદના તા. ૩૦/૬/૨૦૦૬ ના પત્રમાં દર્શાવ્યા મુજબ કાંસની હદ છોડીને બાંધકામ કરવાની તથા ગંદુ પાણી કાંસમાં નહીં છોડવાની શરતે પરવાનગી આપેલ હોઈ તે શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

મોજે : બોરસદ તા. બોરસદના સર્વે નં.– ૧૭૭૯ વાળી ૪૪૫૨.૦૦ ચો.મી. જમીન પરત્વે.

રવાના કર્યુ

નિવાસી નાયબ કલેકટર
આણંદ

સહી/–
(ડી. જી. ઝાલાવાડીયા)
કલેકટર, આણંદ.

પ્રતિ
શ્રી રજનીકાન્ત આશાભાઈ પટેલ વિગેરે
મુ. – બોરસદ. તા. બોરસદ.
જિ. આણંદ.

નકલ રવાના :–

૧. (મંજુર કરેલ પ્લાન સાથે) કામના કાગળો સહીત મામલતદારશ્રી, બોરસદ તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૨. ચીફ ઓફીસરશ્રી, બોરસદ નગરપાલિકા , બોરસદ તરફ આપની કચેરીના જા. નં. ૫૬૯/૨૦૦૬–૦૭ તા. ૪/૭/૨૦૦૬ના અનુસંધાને જાણ સારૂ.
૩. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર આણંદ તરફ(માપણી ફીના અસલ ચલણ સાથે)
૪. નકલ રવાના :– સીટી સર્વે સુપ્રિ.શ્રી, બોરસદ તરફ જાણ તથા કાર્યવાહી સારૂ.
૫. નકલ રવાના :– તલાટી કમ મંત્રીશ્રી, બોરસદ તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારૂ. તથા ગામ દફતરે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૬. નકલ રવાના :– પ્રાંત અધિકારીશ્રી, પેટલાદ તરફ જાણ સારૂ.
૭. સિલેકટ ફાઈલ